અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

# ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૧ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦, બુધવાર; અ. આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**


| | |
|---|---|
| રાજ્ય | ૧૩૮૧ |
| અમદાવાદ | ૧૯૫ |
| ગાંધીનગર | ૩૨ |

# દેશમાં ૫૬ બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત

**ચૂંટણી પંચે પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કર્યો : ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, એમપી, મણિપુર, નાગાલેન્ડ, ઓડિશા અને તેલંગાણા વિધાનસભાની પેટા-ચૂંટણીની જાહેરાત**

નવી દિલ્હી, તા. ૨૯

ચૂંટણી પંચે ગુજરાત સહિત ૧૧ રાજ્યોની વિધાનસભા બેઠકો (૧૧ રાજ્યોની પેટા-ચૂંટણી) અને બિહારની એક લોકસભા બેઠક માટેની પેટા-ચૂંટણીઓની તારીખ જાહેર કરી છે. મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની પેટા ચૂંટણી માટે ૩ નવેમ્બરના રોજ મતદાન યોજાશે, જ્યારે બિહારની એક ખાલી બેઠક અને મણિપુરની બે વિધાનસભા બેઠકો પર ૭ નવેમ્બરના રોજ પેટા ચૂંટણીઓ યોજાશે. ૧૦ નવેમ્બરના રોજ પરિણામ આવશે.



છત્તીસગઢમાં એક બેઠક, ગુજરાતમાં ૮ બેઠકો, હરિયાણાની ૧ બેઠક, ઝારખંડમાં ૨ બેઠક, કર્ણાટકની ૨ બેઠક, મધ્યપ્રદેશની ૨૮ બેઠક, મણિપુરની ૨ બેઠક, નાગાલેન્ડની ૨ બેઠક, ઓડિશામાં ૨ બેઠક, તેલંગાણાની ૧ બેઠક અને ઉત્તર પ્રદેશની ૭ બેઠકો પર પેટા ચૂંટણી થવાની છે. આ સાથે જ બિહારની એક લોકસભા બેઠક પર ૩ નવેમ્બરના રોજ પેટા ચૂંટણી યોજાશે. ગુજરાતમાં વિધાનસભાની અબડાસા, લિંબડી, મોરબી, ધારી, ગઢડા (એસસી), કરજણ, ડાંગ (એસટી) અને કપરાડા બેઠક પર

● અનુસંધાન પાન-૭ પર

# ભારત અમેરિકા પાસેથી ૩૦ એમક્યુ-૯ ગાર્ડિયન ડ્રોન ખરીદશે

**ભારત ચીનની દરેક ચાલ પર નજર રાખશે : રાજનાથના નેતૃત્વમાં પ્રસ્તાવ રક્ષા ખરીદ પરીષદમાં રજૂ કરવામાં આવશે, ભારત ઇઝરાયેલ હેરોન બેડાને સેટેલાઇટ ડિવાસઇથી મજબૂત કરી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૨૯

પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીનની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે ભારત હવે એક્શન મોડમાં છે. ચીનની હરકતો પર નજર રાખવા માટે ભારત હવે અમેરિકા પાસેથી એમક્યુ-૯બી ગાર્ડિયન ડ્રોન ખરીદશે. તેનાથી એલએસી પર ચીનની દરેક હરકતને સમયસર જાણી શકાશે. ટૂંક સમયમાં જ આ ડ્રોન સાથે જોડાયેલો ખરીદ પ્રસ્તાવ રક્ષા મંત્રી રાજનાથ સિંહની આગેવાનીવાળી રક્ષા ખરીદ પરીષદમાં રજૂ કરવામાં આવશે. તેની સાથે જ ભારત પોતાના હાલના ઈઝરાયેલ હેરોન બેડાને પણ સેટેલાઈટ કોમ્યુનિકેશન ડિવાસઈથી વધુ મજબૂત કરી રહ્યું છે. મૂળે, ચીનની સાથે સરહદ પર વધતા તણાવને જોતાં ભારત પોતાની રક્ષા ખરીદીને તેજ કરી રહી છે. વેપન્સ સિસ્ટમથી લઈને મિસાઈલ ટેક્નોલોજી સુધી ભારતમાં જ ડેવલપ કરવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જરૂરિયાત મુજબ, કેટલાક હથિયારોને વિદેશથી પણ ખરીદવામાં આવી રહ્યા છે. રક્ષા મંત્રાલય અમેરિકાથી ૩૦ જનરલ એટોમિક્સ એમક્યુ-૯ રીપર ડ્રોન ખરીદવાની તૈયારીમાં છે. રિપોર્ટ મુજબ, લગભગ ૨૨,૦૦૦ કરોડ રૂપિયામાં આ ડીલ થઈ શકે છે.



# ઈ-ચલણ સંદર્ભે નિયમ બદલાયો

**રસ્તા પર વાહન રોકી વાહનના કાગળ ચેક નહીં કરવામાં આવે : નિયમ પ્રમાણે વાહનનું ડોક્યુમેન્ટ ઓછું-અધુરું હશે તો રજિસ્ટ્રેશન નંબર દ્વારા દસ્તાવેજોનું ઇ વેરિફિકેશન થશે**

નવી દિલ્હી,તા.૨૯

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે હાલમાં કેન્દ્રીય મોટર વ્હીકલ રુલ્સ ૧૯૮૯માં ઘણા પ્રકારના ફેરફાર કર્યા છે. કેન્દ્ર તરફથી નવા નિયમો ૧ ઓક્ટોબરથી લાગુ થઈ રહ્યા છે. મંત્રાલયના મતે આઈટી સર્વિસિસ અને ઈલેક્ટ્રોનિક મોનિટરિંગ દ્વારા ટ્રાફિક રુલ્સ સારી રીતે આખા દેશમાં લાગુ કરવામાં આવી શકે છે. નવા નિયમો પ્રમાણે હવે કોઈપણ વાહનને ફક્ત ડોક્યુમેન્ટ ચેક કરવા માટે રસ્તા પર રોકવામાં આવશે નહીં. આનાથી લોકોને રસ્તા પર ડોક્યુમેન્ટ ચેક કરાવવાની પરેશાનીમાંથી રાહત મળી જશે. નવા નિયમો પ્રમાણે કોઈપણ વાહનનું કોઈ ડોક્યુમેન્ટ ઓછું અથવા અધુરુ હશે તો તેના રજિસ્ટ્રેશન નંબર દ્વારા દસ્તાવેજોનું ઈ વેરિફિકેશન થશે અને ઈ ચાલાન મોકલી દેવામાં આવશે. એટલે હવે વાહનોની તપાસ માટે ફિઝિકલ ડોક્યુમેન્ટની માંગણી કરવામાં આવશે નહીં. હવે સવાલ એ થશે કે જો વાહનોના ડોક્યુમેન્ટની ફિઝિકલ તપાસ નહી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૩૬૨૭૮૨૦ | ૧૦૦૭૮૭૨ | ૨૯૮૫૧૨૦૩ |
| ભારત | ૬૧૭૦૪૨૬ | ૯૬૫૭૩ | ૫૧૨૦૮૩૩ |
| ગુજરાત | ૧૩૬૦૦૪ | ૩૪૪૨ | ૧૧૫૯૫૯ |
| ગાંધીનગર | ૩૬૧૫ | ૨૦૧ | ૨૯૪૨ |

# રાહત : કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો

**છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ હજાર પોઝિટિવ કેસ : દેશમાં કુલ કોરોનાના કેસ વધીને ૬૧.૪૫ લાખને પાર : ૨૪ કલાકમાં ૭૭૬ના મોત : કુલ મૃત્યુઆંક ૯૬,૩૧૮એ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૨૯

વિશ્વમાં સૌથી ઝડપી કોરોના ચેપ ભારતમાં ફેલાયેલો છે, પરંતુ હવે પહેલાં જેટલો કદાચ ઘાતક નથી. કારણ કે નવા ચેપમાંથી સાજા થનારા લોકોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૭૦,૫૮૯ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાથી ૮૪,૮૭૭ દર્દીઓ સાજા થયા છે. જોકે ૭૭૬ દર્દીઓના મોત થયા હતા. આની પહેલાં છેલ્લા ૨૬ દિવસથી દરરોજ એક હજારથી વધુ લોકોના કોરોનાથી મોત થતા હતા.

આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ દેશમાં હવે ચેપગ્રસ્ત કોરોનાની સંખ્યા હવે વધીને ૬૧ લાખ ૪૫ હજાર થઈ ગઈ છે. તેમાંથી ૯૬,૩૧૮ લોકોનાં મોત નીપજ્યાં છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૯ લાખ ૪૭ હજાર થઈ ગઈ છે અને ૫૧ લાખ ૧ હજાર લોકો સાજા થઈ ગયા છે. સંક્રમણના એક્ટિવ કેસની સંખ્યાની તુલનામાં સાજા થનાર લોકોની સંખ્યા અંદાજે પાંચ ગણી વધુ છે.

ICMRના મતે ૨૮ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭ કરોડ ૩૧ લાખ સેમ્પલ ટેસ્ટ કરાઈ ચૂકયા છે, તેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈકાલે કર્યુ. રાહતની વાત છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસનો સતત ઘટી રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૫૭% થયો છે. આ સિવાય સારવાર હેઠળ એક્ટિવ કેસનો દર પણ ૧૬%થી નીચે આવી ગયો છે.

## છેલ્લે... છેલ્લે...

- ભારતમાં કોરોના રિકવરી રેટ ૮૩ ટકા પર પહોંચ્યો.
- આંધ્રમાં ૨જી નવેમ્બરથી શાળાઓ શરૂ કરવાની જગનમોહન રેડ્ડીની જાહેરાત
- દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા કોરોના મુક્ત થયા.
- અમરેલીના સાંસદ નારણ કાછડિયા કોરોનાથી સંક્રમિત
- સુરતમાં કોરોના સંક્રમણ વધતા ૧૪૪ની કલમ ૩૦મીથી લાગુ કરાશે.
- દેશના ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને કોરોના પોઝિટિવ

# કોરોનાકાળમાં પણ મુકેશ અંબાણીએ દર કલાકે ૯૦ કરોડની કમાણી કરી

**સતત નવમા વર્ષે મુકેશ અંબાણી બન્યા દેશના સૌથી ધનવાન વ્યક્તિ**



મુંબઈ,તા.૨૯

દેશના સૌથી ધનવાન વ્યક્તિ મુકેશ અંબાણીએ માર્ચના અંતમાં લોકડાઉન લાગુ થયું ત્યારથી દર કલાકે ૯૦ કરોડની કમાણી કરી છે. IIFLના Wealth Hurun India Rich List ૨૦૨૦માં જણાવાયું છે કે, અંબાણી સતત નવમા વર્ષે દેશના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા છે, અને તેમની મિલકત ૨.૭૭ લાખ કરોડથી વધી ૬.૫૮ લાખ કરોડ થઈ છે.

હાલમાં રિલાયન્સ રિટેલમાં અમેરિકન પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિલ્વર લેકે ૭૫૦૦ કરોડ રુપિયાનું રોકાણ કર્યું હતું. મુકેશ અંબાણીની માલિકીની આ કંપની ૪.૨૧ લાખ કરોડનું વેલ્યૂએશન ધરાવે છે. ૨૦ અબજ ડોલર જેટલું માતબર ફંડ ભેગું કરીને અંબાણીએ રિલાયન્સને દેવામુક્ત બનાવવાનો ટાર્ગેટ તો ક્યારનોય પૂરો કરી દીધો છે. વળી, કોરોના આવ્યો ત્યારથી મોટાભાગની

● અનુસંધાન પાન-૭ પર

# રિયા ચક્રવર્તીની જામીન અરજી પર એનસીબીનો ભારે વિરોધ

**રિયાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી : સ્ટાર રિયા ચક્રવર્તી ડ્રગ સિંડિકેટની એક્ટિવ સભ્ય છે અને તેમની પાસે આ અંગેના પૂરતા પુરાવા પણ છે : એનસીબી**

મુંબઈ, તા. ૨૯

ડ્રગ કેસમાં તપાસ કરી રહેલા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ સોમવારે બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરેલા એફિડેવિટમાં રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શૌવિકની જામીન અરજીનો વિરોધ કર્યો છે. એનસીબીના જોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ આ એફિડેવિટમાં કહ્યું છે કે, તેમની પાસે ઘણા પુરાવા છે, જેનાથી તે સાબિત થઈ શકે છે કે રિયા ડ્રગ ટ્રાફિકિંગમાં સામેલ છે. એનસીબીએ આ એફિડેવિટમાં રિયા ચક્રવર્તીના મોબાઈલ, લેપટોપ અને હાર્ડ ડિસ્કમાંથી કાઢવામાં આવેલી ચેટ અને મેસેજ રિકવર કર્યાનો ઉલ્લેખ કર્યો છે. અને તેનાથી જાણ થઈ છે કે, તેણે ડ્રગ્સ ખરીદવા માટે પેમેન્ટ કર્યું હતું. એનસીબીએ તેમ પણ કહ્યું કે, રિયા ચક્રવર્તી જાણતી હતી કે સુશાંત સિંહ રાજપૂત ડ્રગ્સ લે છે, તેમ છતાં તેણે આ વાત છુપાવી અને તેને ડ્રગ્સ ઉપલબ્ધ કરાવ્યું. રિયાએ સુશાંત માટે ડ્રગ્સ ખરીદ્યું અને આટલું જ નહીં પોતાના ઘરમાં પણ છુપાવ્યું.



પોતાના એફિડેવિટમાં એનસીબીએ તેમ પણ કહ્યું છે કે, રિયા ચક્રવર્તીએ ડ્રગની ડિલિવરીને સરળ બનાવી અને તેના સંબંધ હાઈ સોસાયટીના લોકો સાથે રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

# જે ટ્રેક્ટરની ખેડૂત પૂજા કરે છે, વિપક્ષે તેને જ લગાવી આગ : મોદી

**વડાપ્રધાને નમામિ ગંગે મિશન હેઠળ ૬ પરિયોજનાઓનું કર્યુ લોકાર્પણ : કૃષિ બિલ મુદ્દે વિપક્ષ પર વરસ્યા મોદીઃ તમામ બાબતમાં ફક્ત વિરોધ વિરોધ અને વિરોધ જ...?, વિરોધ કરનારાઓ ખેડૂતોને આઝાદ થવા દેવા માંગતા નથી, વિપક્ષે તો સર્જીકલ સ્ટ્રાઇકના પણ પુરાવા માંગ્યા હતા, રાફેલ જેટમાં પણ તેમને મુશ્કેલી, સરકારે ખેડૂતોને બંધનમાંથી મુક્ત કર્યા તો આ લોકો વિરોધ પર ઉતરી આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૯

ગંગા સફાઈનું અભિયાન મોદી સરકાર માટે શરૂઆતથી ખૂબ અગત્યનું રહ્યું છે. આજે આ કડીમાં નવો આયામ જોડાવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ 'નમામિ ગંગે મિશન'ની અંતર્ગત ઉત્તરાખંડમાં છ મેગા પ્રોજેક્ટનું વીડિયો કોન્ફરન્સિંગથી ઉદ્ઘાટન કર્યું.

પીએમ નરેન્દ્ર મોદીએ કૃષિ બિલનો વિરોધ કરી રહેલા વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા છે. પીએમે કહ્યું કે વિપક્ષ માત્ર વિરોધ માટે વિરોધ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે જ્યારે કેન્દ્ર સરકાર ખેડૂતોને અધિકાર આપી રહ્યા છે

● અનુસંધાન પાન-૭ પર



# આજે ૨૮ વર્ષ બાદ સીબીઆઈ વિશેષ કોર્ટ બાબરી ધ્વંસનો ચુકાદો સંભળાવશે

**અડવાણી, જોષી, ભારતી સહિતના ૩૨ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા ફરમાન**

લખનૌ,તા.૨૯

બાબરી મસ્જિદ તોડી પડાયાના ૨૮ વર્ષ જૂના કેસમાં સીબીઆઈની વિશેષ કોર્ટ આવતીકાલે તા.૩૦ સપ્ટેમ્બરે અંતિમ નિર્ણય સંભળાવશે. સીબીઆઈ કોર્ટના જજ સુરેન્દ્રકુમાર યાદવે આ મામલે અંતિમ નિર્ણય આપવા માટે ૩૦મી સપ્ટેમ્બર નક્કી કરી હતી.

સીબીઆઈ કોર્ટે ચુકાદાના દિવસે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી મનોહર જોષી, યુપીના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ઉમા ભારતી, વિનય કટીયાર, સાક્ષી મહારાજ, સાધ્વી રિતંભરા, વિહિપ નેતા ચંપતરાય સહિત તમામ ૩૨ આરોપીને હાજર રહેવા તાકીદ કરી છે. સીબીઆઈના વકીલ લલિતસિંહે જણાવ્યું કે ફરિયાદી પક્ષ અને બચાવ પક્ષ બન્નેની દલીલો ૧ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ હતી.. ત્યાર બાદ વિશેષ જજે ચુકાદો લખવાનું શરૂ કરી દીધું હતું.